**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૩/૧૨/૧૩ શુક્રવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**જાહેરનામું :-** **સમાચાર યાદી નં.૩૭૪૯/૧૩**

અમદાવાદ શહેર, પોલીસ કમિશ્નરશ્રી શિવાનંદ ઝા, ગુજરાત પોલીસ અધિનિયમ સને. ૧૯૫૧ નંબર ૨૨ ની પેટા કલમ (૩૩) (૧) (બી) અન્વયે મળેલ સત્તાની રૂએ જાહેર જનતાના વાહન વ્યવહારના સરળ નિયમન માટે નીચે મુજબનો હુકમ કરેલ છે.

**હુકમ** :-

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તા.૧૫/૧૨/૨૦૧૩ ના રોજ સવારનાં ૫/૦૦ થી સવારનાં ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન વલ્લભસદન રીવરફ્રન્ટ ડીલાઇટ ચાર રસ્તા ખાતેથી રન ફોર યુનિટીનું આયોજન કરવામાં આવેલ છે. જેથી જાહેરમાર્ગો ઉપર નીચે મુજબના વિસ્તારોમાં રન ફોર યુનિટીનાં આયોજન દરમ્યાન રસ્તો બંધ કરવા/ડાયવરઝન કરવામાં આવે છે.

**તા.૧૫/૧૨/૨૦૧૩ સવારનાં ૫/૦૦ થી સવારનાં ૧૧/૦૦ સુધી નીચે મુજબના રન ફોર યુનિટીનો રૂટ ઉપર આવતાં નીચે પ્રમાણેના રસ્તાઓ વાહન વ્યવહાર માટે સદંતર બંધ રહેશે.(સમગ્ર રૂટ નો-વ્હીકલ ઝોન રહેશે.)**

**રન ફોર યુનિટીનો રૂટ:-** આ રન ફોર યુનિટી પ્રોગ્રામ વલ્લભસદન રીવરફ્રન્ટથી શરૂ થઇ ડીલાઇટ ચાર રસ્તાથી જમણીબાજુ રોંગ સાઇડમાં વળી બુટાસિંગ ચાર રસ્તા ,ઇન્કમટેક્ષ ચાર રસ્તા થઇ અંજતા કોર્મશીયલ સેન્ટરના નાકેથી જમણી બાજુવળી પંચમુખી હનુમાન મંદિર ચાર રસ્તા થઇ ઉસ્માનપુરા રીવરફ્રન્ટમાં થઇ રીવરફ્રન્ટના અંદરના રોડ પર થઇ વલ્લભસદન રીવરફ્રન્ટ ખાતે પુર્ણ થશે.

**બંધ કરવાનો માર્ગ:-**

(૧) ઉસ્માનપુરા ચાર રસ્તાથી ઇન્કમટેક્ષ થઇ નહેરૂબ્રિજ ચાર રસ્તા માર્ગ વાહન વ્યવહાર માટે બંધ રહેશે.
(૨) સ્ટેડીયમ પાંચ રસ્તાથી ઇન્કમટેક્ષ થઇ શાહપુર ચાર રસ્તા સુધી વાહન વ્યવહાર માટે બંધ રહેશે
(૩) મીઠાખળી સર્કલથી ડીલાઇટ ચાર રસ્તા માર્ગ સુધી વાહન વ્યવહાર માટે બંધ રહેશે

**વૈકલ્પિક માર્ગ:-**

(૧) ઉસ્માનપુરા ચાર રસ્તાથી સરદાર પટેલ બાવલા થઇ સ્ટેડીયમ પાંચ રસ્તા, નવરંગપુરા ચાર રસ્તા થઇ મીઠાખળી સર્કલ થઇ ગુજરાત કોલેજ, ઇન્ડર રેસીડેન્સી, માદલપુર ગરનાળા, ટાઉન હોલથી પાલડી, લાલદરવાજા તથા એસ.ટી. તરફ જઇ શકાશે.
(૨) નહેરૂબ્રિજ ચાર રસ્તાથી જમણી બાજુ વળી નહેરૂબ્રિજ ઉપર થઇ રીટઝ હોટલ કોર્નર, કામા હોટલ રોડ, ખાનપુર, શંકરભુવન, શાહપુર ચાર રસ્તા થઇ દુધેશ્વર દધિચી બ્રીજ થઇ વાડજ, સુભાષ સર્કલ થઇ આવ જા કરી શકશે.

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ તા. ૧૫/૧૨/૨૦૧૩ સવારના ૫/૦૦ થી પ્રોગ્રામ પુરો થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

**<u>નાસતા-ફરતાં આરોપીને હાજર થવા ફરમાન :</u>** **<u>સમાચાર યાદી નં.૩૭૫૦/૧૩</u>**

અમદાવાદ શહેરનાં વટવા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં ૨૦૦૬ નાં વર્ષમાં ઇપીકો કલમ ૩૦૪ મુજબનો ગુનો કરી (અથવા કર્યો હોવાનો શક છે) આરોપી અજયસિંહ જારખંડસિંહ પટેલ (રહે.લક્ષ્મણભાઇ ચૌહાણનાં મકાનમાં, બચુભાઇના કુવા પાસે, નવા વટવા) ફરાર છે. આ આરોપી પોતાને વૉરન્ટની બજવણી ન થાય તે માટે સંતાતો અથવા નાસતો ફરે છે. આથી એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, કોર્ટ નંબર ૧૯, અમદાવાદ શહેર ૮૨ મુજબ જાહેરનામુ ફરમાવી આ આરોપીને તા.૪/૧/૨૦૧૪ નાંરોજ એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, કોર્ટ નંબર ૧૯,ઘી કાંટા,અમદાવાદ ખાતે પોતાની સમક્ષ હાજર થવા ફરમાવેલ છે.

**<u>નશાબંધીધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૭૫૧/૧૩</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૬ કેસ કરી ૧૬ વ્યક્તિઓને ઝડપી ૯ લીટર દેશી દારૂ, ૧૨ બોટલ ઇગ્લીશ દારૂ, ૨૪ બિયર ટીન અને ૧ એક્ટિવા કબજે કર્યું હતુ.

**<u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૭૫૨/૧૩</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧મુજબ કુલ ૧૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહીબીશન એકટ ૯૩ મુજબ ૨૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિની અટકાયત કરી હતી.

**<u>શહેર ટ્રાફિક પોલીસે કરેલ કામગીરીની વિગતઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૭૫૩/૧૩</u>**

તા.૧૨/૧૨/૧૩ નારોજ શહેર ટ્રાફિક પોલીસે કસુરવાર વાહન ચાલકો વિરૂધ્ધ ૬૫૨૭ કેસ કરી માંડવાળ પેટે રૂપિયા ૩,૯૨,૫૦૦/- વસુલ કર્યા છે. આ પૈકી ૨૪ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા છે. આ ઉપરાંત રોંગ પાર્કિંગમાંથી ૬૯ વાહનો ટો કરી રૂપિયા ૫૨૫૦/- વસુલ કરવામાં આવ્યા છે. બી.પી.એક્ટ (એન.સી.) મુજબ ૧૨ વાહન ચાલક વિરુધ્ધ, આઈ.પી.સી. ૧૮૮ મુજબ ૦ વાહન ચાલક વિરુધ્ધ, ૨૮૩ મુજબ ૧૧ આઈ.પી.સી. ૨૭૯ મુજબ ૦ વાહન ચાલક વિરુધ્ધ કાર્યવાહી કરવામાં આવી છે. વગર હેલ્મેટનાં ૩૪૦૩ કેસ કરી રૂપિયા ૧,૭૦,૧૦૦/- વસુલ કરવામાં આવ્યા છે.

તા.૧/૧/૧૩ થી તા.૧૨/૧૨/૧૩ સુધીમાં કુલ ૧૫,૭૪,૩૬૨ કેસો કરવામાં આવેલ છે અને રૂપિયા ૧૦,૩૯,૬૩,૫૦૦/- સ્થળ દંડ વસુલ કરવામાં આવેલ છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૩૭૫૪/૧૩**

**સોલા હાઇકોર્ટ** : હાર્દીક રાજેન્દ્રકુમાર પટેલ (રહે.નિલગીરી એપાર્ટમેન્ટ, સાંઇબાબા મંદીરની બાજુમાં સોલા) એ તા.૧૨/૧૨/૧૩ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૯/૧૨/૧૩ સાંજના ૫/૦૦ થી તા.૧૦/૧૨/૧૩ બપોરનાં ૪/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી ચાંદીનાં દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૬૧,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.સી.ઝાલા ચલાવે છે.

**રાણીપ** : હર્ષેન્દુભાઇ બાબુભાઇ મહેતા (રહે. સોહમ એપાર્ટમેન્ટ, સહયોગ ફ્લેટ પાસે, કેશવનગર) એ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૧૨/૧૩ સવારના ૧૦/૦૦ થી બપોરનાં ૧૨/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોના-ચાંદીનાં દાગીના કિંમત રૂપિયા ૮૮,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એ.વાઘેલા ચલાવે છે.

**બાપુનગર** : જતીનભાઈ  યોગેશભાઈ બારોટ (રહે. ગુ.હા.બોર્ડ, એ.બી.વિધાલયની સામે, બાપુનગર) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૧૨/૧૩ રાતના ૨૧/૦૦ થી તા.૧૨/૧૨/૧૩ સવારનાં ૯/૪૫ વાગ્યા દરમ્યાન બાપુનગર, મનપસંદ કોમ્પ્લેક્ષ દુકાન નંબર. એ/૧૪, માઉન્ટ રેફ્રીજરેશન નામની દુકાનના શટરનાં બંને તાળા તોડી શટર ખોલી દુકાનમાં પ્રવેશ કરી અજાણી વ્યક્તિ દુકાનમાંથી LCD- ૨, LED -૧, તથા ટેબલના  ખાનામાંથી રોકડ રૂપિયા ૩૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭૭,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.પટેલ ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૩૭૫૫/૧૩**

**કાલુપુર** : અમીશીબહેન વિભુદાભાઇ મહેતા (રહે. લક્ષ્મીનારાયણની પોળ, રાજામહેતાની પોળ, કાલુપુર) એ તા.૧૧/૧૨/૧૩ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૧૨/૧૩ થી દોઢ માસ અગાઉનાં સમયગાળા દરમ્યાન પોતાના ખુલ્લા ઘરમાંથી અજાણી વ્યક્તિ લાકડાનાં કબાટમાંથી સોના-ચાંદીનાં દાગીના કિંમત રૂપિયા ૮૫,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.પી.મેઘલાતર ચલાવે છે.

**મેઘાણીનગર** : જગદીશભાઇ પ્રભુદાસ માળી (રહે.આશીષનગર સોસાયટી, મેઘાણીનગર) એ તા.૧૨/૧૨/૧૩ નારોજ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૧૨/૧૩ થી એક માસ અગાઉનાં સમયગાળા દરમ્યાન ચમનપુરા, ગુલબર્ગ સોસાયટીનાં નાકે પોતાની ગાયત્રી જ્વેલર્સ નામની દુકાનમાં અજાણી વ્યક્તિ ગ્રાહકનાં સ્વાંગમાં આવી જગદીશભાઇની નજર ચુકવી દુકાનમાંથી એક પડીકુ કે જેમાં સોનાની કાંટી નંગ-૧૨ કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એમ.પરમાર ચલાવે છે.

**એલીસબ્રીજ :** મુનીન્દ્રભાઇ સનતકુમાર મહેતા (રહે.રૂસ્વીનાપાર્ક, શ્રેયસ રેલ્વે લાઇન, આંબાવાડી) એ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૧૨/૧૩ સવારના ૧૦/૪૫ થી ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન ધરણીધર અંડરબ્રીજ સુલભ સૌચાલયની બહાર રોડ ઉપરથી પોતાની કાર લઇને પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક અજાણી વ્યક્તિએ પોતાની કારમાં પંચર હોવાનું જણાવતાં મુનીન્દ્રભાઇ કારમાંથી નીચે ઉતરી પંચરવાળા ટાયરમાં હવા ભરવા માટે કારની ડેકીમાંથી કંપ્રેશર લેવા જતાં કાર ની આગળનાં ભાગે મુકેલ કાળા કલરનું પાઉચ કે જેમાં ચેકની સ્લીપબુક, કેશ સ્લીપબુક અને રોકડા રૂપિયા ૮૨,૩૮૦/- મુકેલ હતા તે પાઉચની અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી દલપતભાઇ રાઘવજીભાઇ ચલાવે છે.

**<u>ચેઇન સ્નેચીંગ :-</u>** **<u>સમાચાર યાદી નં.૩૭૫૬/૧૩</u>**

**સાબરમતી :** મંજુલાબહેન બાબુભાઇ પરમાર(ઉ.વ.૭૦)(રહે.ચક્રધારી સોસાયટી, અમીરનગર સોસાયટીની બાજુમાં કબીરચોક સાબરમતી) તા.૧૨/૧૨/૧૩ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીક ઉભા હતા ત્યારે એક કાળા રંગનાં મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ મંજુલાબહેન પાસે સરનામુ પુછવાના બહાને આવી મંજુલાબહેનનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ મંજુલાબહેન પરમારે સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.આર.પટેલ ચલાવે છે.

**ઓઢવ :** કાવેરીબહેન દિપકભાઇ જેઠવા (રહે.શ્રીનીધી એપાર્ટમેન્ટ, આસ્થા બંગ્લોઝની બાજુમાં, નિકોલ) તા.૧૧/૧૨/૧૩ સવારના ૧૦/૫૦ વાગ્યાના સુમારે તીર્થભુમી ફ્લેટ પાસેથી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ કાવેરીબહેનનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૪૬,૦૦૦/- તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ કાવેરીબહેન જેઠવાએ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.ટી.તલસાણીયા ચલાવે છે.

**<u>આત્મહત્યા :-</u>** **<u>સમાચાર યાદી નં.૩૭૫૭/૧૩</u>**

**વટવા :** અશ્વીનભાઇ બાબુભાઇ પંડ્યા (ઉ.વ.૧૫)(રહે.ગોકુળદાસ સોસાયટી, વણઝારાવાસ, વટવા) એ કોઇ કારણસર તા.૧૨/૧૨/૧૩ બપોરના ૪/૩૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રસિંહ મફતલાલ ચલાવે છે.

**<u>ગુમ થવા બાબતઃ</u>** **<u>સમાચાર યાદી નં.૩૭૫૮/૧૩</u>**

| | |
|---|---|
| **રામોલઃ** સતેન્દ્ર ગુલાબચંદ્ર જયસ્વાલ (ઉ.વ.૧૯)(રહે. આઝાદનગર મીલની પાછળ રામોલ) તા.૨૭/૧૧/૧૩ સવારના ૮/૦૦ વાગ્યાથી ગુમ છે. મધ્યમ બાંધાના અને શ્યામવર્ણા છે. બાદળી રંગની આખી બાયની જર્શી અને વાદળી રંગનુ જીન્સ પેન્ટ પહેર્યુ છે. ઉંચાઈ ૫ ફુટ ૬ ઈંચ છે.(રામોલ  પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૮૫૦૩૦૦) |  |

| | |
|---|---|
| **એલીસબ્રીજઃ** રુષિકેશ દુશ્યંતભાઈ બ્રહ્મભટ્ટ (ઉ.વ.૨૩) (રહે.જલનાથ સોસાયટી શાંતિવન પાલડી) તા.૯/૧૨/૧૩ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. ડાબા હાથના બાવડાં ઉપર તલવારનુ ચિત્ર કોતરાવેલ છે. પીઠમાં લાખાનુ નિશાન છે. કાળા રંગનુ પ્રિન્ટવાળુ અડધી બાયનુ ટી-શર્ટ અને વાદળી રંગનુ જીન્સ પેન્ટ પહેર્યુ છે. ઉંચાઈ ૫ ફુટ ૮ ઇંચ છે.( એલીસબ્રીજ પોલીસ સ્ટેશન નંબર ૨૬૫૭૮૨૦૨) |  |
| **માધવપુરાઃ** મનીષાબહેન મુકેશભાઈ ચૌહાન (ઉ.વ.૧૭)(રહે. વિલાભાઈ રબારીની ચાલી કાજીમિયાનો ટેકરો દેવજીપુરા શાહીબાગ) તા.૩૦/૧૧/૧૩ બપોરના ૩/૩૦ વાગ્યાથી ગુમ છે. પાતળા બાંધાના અને શ્યામવર્ણા છે. કાળા રંગનુ ક્રિમ રંગની ફુલની ડીઝાઈનવાળો પંજાબી ડ્રેસ પહેર્યો છે. ઉંચાઈ ૫ ફુટ ૪ ઈંચ છે. (માધવપુરા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૬૩૨૧૦૦) |  |
| **દાણીલીમડાઃ** રુકસારબાનુ અયુબભાઈ શેખ (ઉ.વ.૧૮) (રહે.સ્લમ ક્વાર્ટર્સ સંતોષનગર દાણીલીમડા) તા.૨૩/૧૧/૧૩ સવારના ૧૧/૦૦ થી બપોરના ૪/૦૦ વાગ્યા દરમ્યાન ક્યાંક ચાલ્યા ગયા છે. મજબુત બાંધાના અને ઘઉવર્ણા છે. પંજાબી સુટ પહેર્યો છે.પીઠ અને કમરના ભાગે કરોળીયાના નિશાન છે.ઉંચાઈ ૫ ફુટ છે.( દાણીલીમડા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૩૨૦૧૫૩) |  |

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.